GJNV110000392026

**કમીટલ કેસ નં. ૩૯/૨૦૨૬**

**આંક : ૧૪**

सत्यमेव जयते

---

## વઘઈના મહે. જયુડિશ્યિલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વઘઈ.

---

**ફરિયાદી** :- શ્રી સરકાર,

**વિ....રુ....ધ્ધ**

**આરોપી** :-
**૧. આકાશભાઇ મનોજભાઇ પાસી,**
ઉ.આ. ૨૧ વર્ષ, ધંધો : વેપાર ,
**૨. માલાબેન મનોજભાઇ પાસી,**
ઉ.આ. ૪૪ વર્ષ, ધંધો : વેપાર ,
**૩. રોહિતભાઇ પ્રમોદભાઇ પાસી,**
ઉ.આ. ૨૦ વર્ષ, ધંધો : વેપાર ,
**૪. આરતીબેન મનોજભાઇ પાસી,**
ઉ.આ. ૨૨ વર્ષ, ધંધો : વેપાર ,
**૫. યામિનીબેન મનોજભાઇ પાસી,**
ઉ.આ. ૩૪ વર્ષ, ધંધો : વેપાર ,
તમામ રહે. : આશાનગર, વઘઈ,
તા.વઘઈ, જિ.ડાંગ.
**૬. વિનીતભાઇ જયેશભાઇ પટેલ,**
ઉ.આ. ૩૫ વર્ષ, ધંધો : વેપાર ,
રહે.વઘઈ મેઈન બજાર, તા.વઘઈ,
જિ.ડાંગ.

---

**ગુન્હો** :- ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબ

---

### -: કમીટલ હુકમ :-

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ આકાશભાઇ મનોજભાઇ પાસીએ આશરે ચારેક માસ પહેલા ફરિયાદીની મોટી બેન નફીસા યુસુફ શેખની દીકરી સનાબેન સાથે કોર્ટ મેરેજ કરેલ હોય જે વાતની અદાવત રાખી આ કામના તમામ આરોપીઓએ આ કામના ફરિયાદી તથા શાહેદો સાથે

ગાળા–ગાળી તથા ઝઘડો–તકરાર, મારા–મારી કરી ફરિયાદીને શરીરે જમણા પગે અંગુઠાના ભાગે મુઢ ઈજાઓ તેમજ ગરદનના નીચેના ભાગે નખથી સામાન્ય ઈજા કરેલ તથા અન્ય શાહેદોને પણ શરીરે સામાન્ય મુઢ મારની ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતા, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબનો ગુનો કર્યાની ફરિયાદીની ફરિયાદના આધારે તપાસનીશ અધિકારીએ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** આ કેસમાં આરોપીઓને અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ પેપર્સની નકલો આરોપીઓને વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે અને સ્ટેટમેન્ટ લેતા ખાનગી વકીલ રોકવા રજૂઆત કરેલી છે.

**(૩)** સદરહુ કામનો ગુનો ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબ સજાને પાત્ર ગુના અન્વયેનો છે. જેથી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૫૧(૩) ની સજાની જોગવાઈ ધ્યાને લેતા સદરહુ ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા નામદાર સેશન્સ અદાલતની હકૂમતમાં હોય, સદરહુ કેસની ટ્રાયલ ચલાવવા નામદાર સેશન્સ અદાલત, આહવા તરફ મોકલી આપવાનો નીચે મુજબનો કમીટલ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૩૨ મુજબ સદર કેસ નામદાર સેશન્સ કોર્ટ, નવસારી, મુ.આહવાને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કેસને લગતુ તમામ રેકર્ડ અને પ્રોસડીંગ તથા મુદ્દામાલ સમયસર નામદાર સેશન્સ કોર્ટ, આહવાને મોકલી આપવાનું ફરમાવવામાં આવે છે.

૩. આ કેસ કમીટ કર્યા અંગેની જાણ આહવાના જિલ્લાના વિધ્વાન પબ્લીક પ્રોસીક્યુટરશ્રીને કરવી.

૪. આરોપીઓને આ કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી માટે તારીખ : ૩૦/૦૩/૨૦૨૬ ના રોજ નામદાર સેશન્સ કોર્ટ, આહવા મુકામે અચૂક હાજર રહેવું

**હુકમ આજરોજ તારીખ : ૦૯ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સહી/–
(પ્રકાશ એસ. રૌંદલ)
જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વઘઈ
(જી.જે.૦૧૪૩૭)

Date : ૦૯ – ૦૩ – ૨૦૨૬
Place : વઘઈ